# કૃષિલક્ષી માહિતી હવે ખેડૂતોના આંગળીના ટેળવે

ગુજરાત રાજ્યમાં કુલ ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત છે જે પૈકી નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા સંચાલિત **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તાપી ગુજરાતનું પ્રથમ કેવિકે** છે જ્યાં કૃષિલક્ષી માહિતીના પ્રચાર-પ્રસાર માટે **QR (Quick response) કોડ** ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. કેવિકે તાપીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. સી. ડી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ વિસ્તરણ શિક્ષણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયા દ્વારા કૃષિલક્ષી માહિતીના QR (Quick response) કોડ વિકસાવવામાં આવ્યા છે. કેવિકે તાપી ખાતે ICT યુનિટ બનાવવામાં આવ્યો છે જેમાં કૃષિલક્ષી માહિતીઓ, પશુપાલન, બાગાયત, મધમાખી પાલન, મુશરૂમની વૈજ્ઞાનિક ખેતી અને ખેતઓજારો જેવી વિસ્તાર આધારિત માહિતીઓના QR (Quick response) કોડ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે. કૃષિલક્ષી QR (Quick response) કોડને જીલ્લા પંચાયત-તાપીની સાધારણ સભામાં પણ લોન્ચ કરવામાં આવ્યા હતા. જીલ્લા પંચાયત તાપી, જીલ્લા ખેતીવાડી વિભાગ અને આત્મા-તાપીના સહયોગથી કૃષિલક્ષી QR (Quick response) કોડ તાપી જિલ્લાની તમામ **૨૯૬ ગ્રામ પંચાયતમાં** ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યા છે, જેથી તાપી જીલ્લાના ખેડૂતો પોતાના ગામમાં જ **e-ખેતી માહિતી** સ્વરૂપે કૃષિલક્ષી માહિતી પોતાના સ્માર્ટ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી મેળવી શકશે.

## ❖ QR કોડનો કૃષિક્ષેત્રે ઉપયોગ - Use of QR Code

- તમે QR કોડમાં જે તે વિસ્તારના મુખ્ય પાકો, પશુપાલનના મુખ્ય વિષયો, બાગાયતી પાકો, પાકોમાં રોગ-જીવાત નિવારણ, કૃષિલક્ષી ઓજારો અને કૃષિલક્ષી નવીનતમ ટેકનોલોજીઓ વિગેરે વિશેની માહિતી ખેડૂતોને શેર કરી શકો છો.
- QR કોડનો ઉપયોગ કૃષિના જુદા જુદા ઇનપુટ ખરીદવા અને પેમેન્ટ લેવા માટે પણ કરી શકાય છે.
- QR કોડનો ઉપયોગ કૃષિલક્ષી માર્કેટિંગમાં ઈનપુટ (બિયારણો, ખાતરો, રોપાઓ, કલમો) અને પાક ઉત્પાદનો વિશે વિસ્તૃત માહિતી દર્શાવવા પણ કરી શકાય છે.
- કૃષિલક્ષી યોગ્ય વેબસાઈટના URL પણ QR કોડ સ્વરૂપે ખેડૂતોને પહોંચાડી શકાય છે જેથી ખેડૂતો સરળતાથી ઉપયોગી વેબસાઇટનું પેજ સિંગલ ક્લિક થી ખોલી શકે.
- QR કોડને કૃષિક્ષેત્રે પાકઉત્પાદનોના માર્કેટિંગમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે.
- QR કોડમાં કૃષિલક્ષી એપ ડાઉનલોડ કરવા માટેની લિન્ક પણ ઉમેરી શકાય છે.
- QR કોડમાં ઈમેલ આઈડી, કૃષિલક્ષી સોસિયલ મીડિયા પેજ પણ લગાવી શકાય છે.
- ડિજીટલાઈઝેશનના આ સમયમાં કૃષિ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકશ્રીઓ, કૃષિ અધિકારીઓ, જુદા જુદા કૃષિલક્ષી વિભાગના અધિકારીશ્રીઓ, ખાનગી કૃષિલક્ષી સંસ્થાઓ તેમજ પ્રગતિશીલ ખેડૂતો, લીડર ખેડૂતો કૃષિલક્ષી માહિતીના પ્રચાર-પ્રસાર માટે આ QR કોડ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થાય તો કૃષિવિસ્તરણના કાર્યોને વધુ વેગ મળશે અને ખેડૂતોને કૃષિલક્ષી માહિતી આંગળીના ટેળવે અને સરળતાથી ઉપલબ્ધ થશે.

## ❖ QR કોડનો કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ઉપયોગ

કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું મુખ્ય કાર્ય કૃષિલક્ષી મહિતીઓ તેમજ નવીનતમ કૃષિલક્ષી ટેક્નોલોજીઓ ખેડૂતો સુધી પહોંચાડવાનું છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો પ્રચાર-પ્રસાર માટે મુખ્યત્વે જુદી જુદી વિસ્તરણ પ્રવૃતિઓ કરતાં હોય, જેમાં પ્રિન્ટ મીડિયાનો ઉપયોગ વધુ હોય છે. કૃષિલક્ષી ફોલ્ડર, મૅગેઝિન, પુસ્તક, તાલીમ મટિરિયલ જેવા સાહિત્યોનો ખેડૂતો દ્વારા સંગ્રહ કરવામાં આવે છે અને જરૂર પડે ત્યારે ઉપયોગમાં લઈ ખેતીમાં સારી ખેતી કરતાં થાય છે. આ પરંપરાગત પ્રચાર-પ્રસાર પદ્ધતિથી આગળ વધી ડિજીટલ માધ્યમો થકી **કાગળ અને સમયનો વ્યય ઘટે** એ માટે સર્જનાત્મક પધ્ધતિથી QR કોડનો કૃષિક્ષેત્રે ઉપયોગ કેવિકે-તાપી દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. QR કોડમાં જે લિન્ક દ્વારા માહિતી દર્શાવવામાં આવે છે નવસારી કૃષિ યુનિવર્સિટીની ઓફિસિયલ વેબસાઇટ nau.in પર વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરેલ મહિતીઓ છે જેથી માહિતીની વિશ્વાસ પાત્રતા પણ જળવાઈ રહે.